
ગાંધીનગર સમાચાર

## ડાયરેક્ટ ❤ સે

સંબંધો
મિત્રતા
અને
સ્નેહના
દરેક સ્થળે
જોવા મળે છે.
પરંતુ,
એ ટકે છે
ત્યાં જ
જ્યાં
એમને
આદર મળે છે.

## જન્મદિને વધામણી



વિયાના જયદીપ પટેલ
કેપિટલ ફ્લેક્સ બેનર



ડોનિયેલ ઝેવિયર
ફોન : ૨૩૨ ૨૩૩૦૧



સતીશકુમાર ઠાકર



સંજયજી પ્રહલાદજી
મો. ૭૦૪૧૧ ૯૬૯૧૫



અનંતભાઈ પટેલ
મો. ૯૮૯૮૪ ૦૯૦૫૩

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

### શ્રી સ્વામીનારાયણ મંદિર, ભીમપુરા, માણસા ખાતે દશાબ્દિ મહોત્સવ અંતર્ગત

# દરમિયાન શ્રીમદ્ ભાગવત નવમ સ્કંધ પારાયણ

### ૧૭થી ૨૧ ડિસેમ્બર દરમિયાન કથા : વક્તા તરીકે કોટેશ્વરના સ્વામી રાકૃષ્ણદાસજી અને ગાંધીનગરના સ્વામી ચૈતન્ય-સ્વરૂપદાસજી ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૧૨

શ્રી સ્વામીનારાયણ મંદિર, ભીમપુરા, માણસા ખાતે દશાબ્દિ મહોત્સવ અંતર્ગત શ્રીમદ્ ભાગવત નવમ સ્કંધ પારાયણનું આયોજન આગામી તા. ૧૭થી ૨૧ ડિસેમ્બર દરમિયાન કરવામાં આવ્યું છે.

મૂળજીભાઈ હેમાભાઈ ચૌધરી પરિવાર અને શ્રી નરનારાયણ દેવ યુવક મંડળ તથા સમસ્ત સત્સંગ સમાજ, ભીમપુરા, માણસા દ્વારા સંયુક્તપણે આ કથાનું આયોજન કરવામાં આવ્યું છે, જેના વક્તા તરીકે કોટેશ્વરના સ્વામી રાકૃષ્ણદાસજી અને ગાંધીનગરના સ્વામી ચૈતન્ય-સ્વરૂપદાસજી ઉપસ્થિત રહેશે.

કથા માટેનું સ્થળ શ્રી સ્વામિનારાયણ મંદિર ચોક ખાતે રાખવામાં આવ્યું છે, જ્યાં નિત્ય સવારે ૯થી ૧૧.૩૦ અને રાત્રે ૮થી ૧૦.૨૦ દરમિયાન કથા કરવામાં આવશે. તા. ૧૭ ડિસેમ્બરના રોજ સવારે ૮ કલાકે પોથીયાત્રા યજમાનના નિવાસસ્થાનેથી નીકળી શ્રી સ્વામિનારાયણ મંદિર થઈ કથાસ્થળે પહોંચશે. સવારે ૯ કલાકે કથાનો પ્રારંભ થશે અને ૧૦.૧૫ કલાકે શ્રી રામ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવશે. તા. ૨૧ ડિસેમ્બર ને ગુરુવારના રોજ સવારે ૭.૩૦ કલાકે ઠાકોરજીનો અભિષેક, ૯ કલાકે અન્નકૂટ આરતી અને કથાની પૂર્ણાહુતિ ૧૦ કલાકે પૂ. આચાર્ય મહારાજના વરદ્ હસ્તે કરવામાં આવશે. એ પછી ૧૦.૧૫ કલાકે પ્રાસંગિક સભાનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

### રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિન અંતર્ગત

# જે બી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ઊર્જા બચત અભિયાન

### નાગરિકોએ સોમવારે સવારે ૯.૩૦થી ૧૦.૩૦ દરમિયાન તમામનાં ઘરોમાં વિદ્યુત ઉપકરણો સંપૂર્ણ બંધ રાખ્યાં

ગાંધીનગર, તા. ૧૨

રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસ અંતર્ગત વિદ્યાર્થીઓમાં ઊર્જા બચત કરવાની ટેવ પડે અને તેઓ ઊર્જાનું મહત્ત્વ સમજે, જેના દ્વારા દરેકના ઘરમાં ઊર્જાની બચત થાય તે હેતુસર સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અને નગરજનોના સહકાર દ્વારા ઊર્જા બચત અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. રાષ્ટ્રસેવાના આ અભિયાનમાં સોમવારે સવારે ૯.૩૦થી ૧૦.૩૦ દરમિયાન તમામનાં ઘરોમાં વિદ્યુત ઉપકરણો સંપૂર્ણ બંધ રાખી વીજળીની બચત કરી હતી. અમદાવાદ અને ગાંધીનગરની ૭૦ જેટલી શાળાઓના વિદ્યાર્થીઓએ આ અભિયાન હાથ ધર્યું હતું. રાષ્ટ્રસેવાના આ અભિયાનમાં સહકાર આપવા બદલ સૌ વિદ્યાર્થીઓ, વાલીઓ પ્રતિ આચાર્ય નીવાબેન પટેલે આભારની લાગણી પ્રગટ કરી હતી.

# કટકી ખાદીના ખિસ્સામાં ભરો વિકાસ કરો, ભાઈ વિકાસ કરો




ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર સાહિત્યસભાની આ વખતની માસિક બેઠકમાં ચૂંટણી કાવ્યો ગાજયા હતા. મોટા ભાગના કવિઓ અને લેખકોએ એમની રચનાથી કટાક્ષોનો મારો ચલાવ્યો હતો. આ બેઠકમાં એન.ડી. જોષી-નેતા અને ટિકિટ વાંચ્છુ કાર્યકર, રઘુસિંહ ગોલ-ચૂંટણી આવી, મહેન્દ્ર રાઠોડ-આ કથામાં કાંઈ નથી, ડૉ. મુકેશ જોષી-એક મત તો આલ તું, રણછોડ પરમાર-વિકાસ કરો ભાઈ વિકાસ કરો, ભીખુ કવિ-ચૂંટણીના ધાડાં આવ્યા, ગુલાબચંદ પટેલ-ચૂંટણી ટાણું સંભાળ નેતાજી, સુમંત શાહ-મોદી જેવા કાવ્યોથી ચૂંટણી-સરકાર-સિસ્ટમ-મતદાર-મતદાન-નેતા વગેરે પર કટાક્ષ કર્યા હતા.

ગાંધીનગર સાહિત્ય સભાના ઉપાધ્યક્ષ સંજય થોરાતે ટિકિટ નામની માઈક્રોફિકશનમાં લાલ દાઢી-સફેદ દાઢી સાથે રાજકારણનું સેટિંગ વ્યકત કર્યું તો અન્ય વાર્તા પાસ-ફેલમાં હાર્દિક પટેલ પર કટાક્ષ કર્યા હતા. સાહિત્ય સભાના પ્રમુખ નટવર હેડાઉએ મતદારી અને સરકાર વરસે છે જેવા સાંપ્રત કાવ્યો પ્રસ્તુત કર્યા હતા. ચૂંટણીના ગરમાવા વચ્ચે સાહિત્યકારોએ એમની કલમથી ચાબખા માર્યા હતા.

## શ્રીપાર્શ્વનાથ પ્રભુની ત્રિદિવસીય આરાધનાનો સોમવારથી અમદાવાદ ખાતે પ્રારંભ કરાયો

ગાંધીનગર, તા. ૧૨

શ્રીપાર્શ્વનાથ પ્રભુની ત્રણ દિવસીય આરાધનાનો સોમવારથી જૈનોનાં રાજનગર એવા અમદાવાદમાં પ્રારંભ થયો છે. જ્યારે મંગળવારે શ્રી પાર્શ્વનાથ પ્રભુનું જન્મ કલ્યાણક છે અને બુધવારે તેમનું દીક્ષા કલ્યાણક છે. આ નિમિત્તે ત્રણ દિવસ પોષદશમની આરાધના થઈ રહી છે. ગચ્છાધિપતિ આચાર્ય જયઘોષસૂરીશ્વરજી મ.સા., આચાર્ય જયસુંદરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં ભુવનભાનુ સ્મૃતિમંદિર, ભઠ્ઠા-પાલડી ખાતે અઠ્ઠમ તપની ત્રિદિવસીય આરાધનાનો પ્રારંભ થયો છે. જ્યારે આચાર્ય હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં મેમનગર જૈન સંઘ, ગુરુકુળ ખાતે, આચાર્ય મહાબોધિસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં નવકાર જૈન સંઘ, વાસણા ખાતે તથા આચાર્ય હરિકાંતસૂરીશ્વરજી મ.સા., ઓપેરા જૈન સંઘ, ઓપેરા ખાતે અઠ્ઠમ તપની આરાધના થઈ રહી છે.

શ્રી પાર્શ્વનાથ પ્રભુની આ ત્રણ દિવસ દરમિયાન કરવામાં આવતી વિશિષ્ટ આરાધનાથી તકલીફો અને મુસીબતોમાંથી રાહત મળે છે, આરોગ્યમાં સુધારો થાય છે, આર્થિક મુશ્કેલીઓ દૂર થાય છે, અટકેલાં કાર્યો પાર પડે છે અને સહુથી મોટી વાત તો એ કે મનને પરમ શાંતિ મળે છે. આ ત્રણ દિવસ દરમ્યાન પાર્શ્વનાથ પ્રભુના જીવનચરિત્રનું વાંચન અથવા શ્રવણ પણ અવશ્ય કરવું. જ્યારે આચાર્ય નેમિસૂરી સમુદાયના વિદ્વાન જૈનાચાર્ય, વિજય શીલચંદ્રસૂરિ આદિ ઠાણા તગડી ગામે ચાતુર્માસ પૂર્ણ કરીને અમદાવાદ પધાર્યા છે અને પોષ દશમીની આરાધના ભગવાન નગરના ટેકરા ખાતેના ઉપાશ્રય ખાતે કરાવી રહ્યા છે. જે અંતર્ગત સવારે ૭.૩૦ વાગ્યે પ્રવચન યોજાશે. અનેક સંઘોમાં અઠ્ઠમ તપની આરાધના થઈ રહી છે. કર્મોની નિર્જરા માટે આ આરાધના ઉત્તમ બની રહે છે. શહેરમાં ૧૦૮ પાર્શ્વનાથ પ્રભુના જિનાલય પ્રખ્યાત છે. જેમાંથી ગુજરાતમાં કુલ ૬૫ પાર્શ્વનાથ પ્રભુના તીર્થ પ્રખ્યાત છે.

# વૈષ્ણવો દ્વારા શ્રીગુંસાઈજીના પ્રાગટ્ય ઉત્સવની ઉજવણી

### વધાઈ ગાન, કીર્તન સાથે 'જલેબી ઉત્સવ'ની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૨

પુષ્ટિ માર્ગની હવેલીઓમાં શ્રીગુંસાઈજીના પ્રાગટ્ય ઉત્સવની વિશિષ્ટ ઉજવણી ખૂબ જ ભક્તિભાવપૂર્વક સોમવારે થઈ હતી. મોટી સંખ્યામાં વૈષ્ણવોએ દર્શન કર્યા હતા. ખાસ કરીને આ દિવસે 'જલેબી ઉત્સવ'ની ઉજવણી કરવામાં આવી હતી. સાથે જ વૈષ્ણવોએ આ દિવસે વધાઈ ગાન પણ કર્યું હતું. શ્રીગુંસાઈજીના પ્રાગટ્ય ઉત્સવના દિવસે વ્રજધામ હવેલી, સીમાહોલ પાસે, સેટેલાઈટ ખાતે પણ સવારે પલના, નંદ મહોત્સવ, રાજભોગમાં જલેબી ઉત્સવનું આયોજન થયું હતું. જ્યારે સાંજે શોભાયાત્રા, પ્રવચન શ્રીગુંસાઈજીને ધોતી-ઉપરણા, કેશર સ્નાન અને વલ્લભાખ્યાનનું સમૂહ ગાન પણ થયું હતું. શ્રીગુંસાઈજીએ નાત-જાતના ભેદ ભાવ જોયા વિના જાણે કૃષ્ણના દર્શનની તડપ છે, એ વૈષ્ણવ છે એ ન્યાયે બધા જ જીવોને શરણે લઈને શ્રીનાથજીથી જોડી પ્રભુના દાસ થયાનું ગૌરવ આપ્યું. આપશ્રીનું સાહિત્યમાં પણ ખૂબ મોટું યોગદાન રહ્યું. શ્રીગુંસાઈજીની બેઠક, અસારવા ખાતે ગુરુવારથી પ્રારંભ થયેલા શ્રીમદ્ પ્રભુચરણ શ્રીગુંસાઈજી શ્રીવિઠ્ઠલનાથજીના પ્રાગટ્ય ઉત્સવની સોમવારે પૂર્ણાહુતિ થઈ હતી. વૈષ્ણવાચાર્ય વ્રજનાથજી મહારાજ અને વૈષ્ણવાચાર્ય તિલક બાવા મહોદયની નિશ્રામાં કરવામાં આવ્યું હતું. જ્યારે 'શ્રીવિઠ્ઠલેશ બેઠક ચરિત્ર' દરમિયાન ૨૮ બેઠકોના ચરિત્ર પર વિવેચન કરાયું હતું. સોમવારે શ્રીવિઠ્ઠલનાથજી ગુંસાઈજીનો ઉત્સવ નિમિત્તે તિલક આરતી, બધાઈ રાસ-ગરબા અને શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શોભાયાત્રા સ્થાનિક વિસ્તારમાં ફરીને ધર્મ સભાના રૂપમાં ફેરવાઈ હતી. સભામાં વચનામૃત થયા હતા.

ભાગવત વિદ્યાપીઠ, સોલા ખાતે વિઠ્ઠલનાથજીનો પ્રાગટ્યોત્સવ-જલેબી ઉત્સવનું આયોજન કરાયું હતું. જે અંતર્ગત સવારે મંગળા બાદ મહાપ્રભુજીને કેશર સ્નાન તથા શ્રૃંગાર દર્શન થયા હતા. જ્યારે શ્રીગુંસાઈજીના પ્રાગટ્ય ઉત્સવ નિમિત્તે શ્રીમહાપ્રભુજીની બેઠક, નરોડા ખાતે પણ શ્રીગુંસાઈજીનો પ્રાગટ્યોત્સવની ઉજવણી થઈ હતી. લગભગ ૫,૦૦૦ વૈષ્ણવોએ આ દિવસે દર્શનનો લાભ લીધો હતો. આગામી સોમવારે સોમવતી અમાસ હોવાથી પણ મોટી સંખ્યામાં વૈષ્ણવો ગિરિરાજજીની પરિક્રમા માટે ઊમટી પડશે અને ગાયનો લાડુ ખવડાવવાનો લાભ પણ લેશે.

## 'ઈન્ડિયા કી ખોજ'માં વિવિધ હેરિટેજ સ્થળોની મુલાકાતો

### પ્રોગ્રામમાં આ વખતે આઈઆઈટી ગાંધીનગર, કેલિફોર્નિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી અને જાપાન એડવાન્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના વિદ્યાર્થીઓ જોડાયા છે

ગાંધીનગર, તા.૧૨

ભારતીય સંસ્કૃતિને અને ઈતિહાસને યુવાનો સમજી શકે અને જાણી શકે તે હેતુથી છેલ્લા છ વર્ષથી 'ઈન્ડિયા કી ખોજ' પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે. આ પ્રોગ્રામમાં આ વખતે આઈઆઈટી ગાંધીનગર, કેલિફોર્નિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી અને જાપાન એડવાન્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના વિદ્યાર્થીઓ જોડાઈ રહ્યા છે. નવ દિવસના આ પ્રોગ્રામમાં વિવિધ એજ્યુકેશનલ બેકગ્રાઉન્ડ ધરાવતા ૩૦ જેટલા વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે. ઈન્ડિયા એક ખોજ પ્રોગ્રામને એ રીતે ડિઝાઈન કરવામાં આવ્યો છે, જેનાથી વિદ્યાર્થીઓ ભારતના ઈતિહાસ અને સંસ્કૃતિને જાણવા સમજવા ઉપરાંત પેઢી દર પેઢી આવી રેહલાં પરિવર્તનને પણ સમજી શકે. આ ૯ દિવસના પ્રોગ્રામમાં લેક્ચર્સ હશે, વિવિધ હેરિટેજ સ્થળોની મુલાકાત, સાંસ્કૃતિક કાર્યક્રમો સહિતની વિવિધ પ્રવૃત્તિઓ થશે. આ પ્રોગ્રામના ભાગરૂપે ભારતીય સંસ્કૃતિ, ફિલોસોફી અને ઈતિહાસ, કવિતાઓ અને ફિલ્મો, રાજકીય બાબતો જેવા મુદ્દાઓ પર ચર્ચા થશે.

આઈઆઈટી ગાંધીનગરના પ્રોફેસર મોના મહેતાએ આ પ્રોગ્રામ અંગે વાત કરતાં જણાવ્યું હતું કે, આ પ્રોગ્રામનો છટ્ઠુ વર્ષ છે. આ વખતે ભારતીય દંતકથાઓ પર આઈઆઈટી દિલ્હીના પ્રોફેસર રૂકમિણી ભવ્યા નાયર વાત કરશે. જેએનયુના પ્રોફેસર વાય એસ એલોન બુદ્ધિઝમ અને બૌદ્ધકાળની કળાઓ વિશે વાત કરશે. જાણીતા પત્રકાર અને કટારલેખક સઈદ નકવી ભારતીય ઈસ્લામની વિશેષતાઓ વિશે વાત કરશે.

## એમ બી પટેલ કન્યા પ્રાઈમરી સ્કૂલ ખાતે તરૂણાવસ્થાના પ્રશ્નો અંગે માર્ગદર્શન

ગાંધીનગર, તા. ૧૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ કન્યા પ્રાઈમરી સ્કૂલની ધોરણ-૬થી ૮ની વિદ્યાર્થીની બહેનોના તરૂણ અવસ્થા દરમિયાનના પ્રશ્નો તથા તેના નિવારણ અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તથા અસામાજિક તત્ત્વો દ્વારા થતી સતામણી અને તેને હલ કરવાના ઉપાયો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીનીઓના આ અંગેના પ્રશ્નો અંગે પણ સંતોષકારક ઉત્તરો પાઠવવામાં આવ્યા હતા.

તમામ વિદ્યાર્થીનીઓને મુશ્કેલીમાં જરૂરી એવા મોબાઈલ નંબરો આપી જાગૃત કરવામાં આવી હતી. આ સેમિનારમાં શાળાનાં સુપરવાઈઝર ભગવતીબેન તથા આચાર્ય નીરૂબેન જે પટેલે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ઉલ્લેખનીય છે કે વિદ્યાર્થીનીઓના પ્રશ્નો મેળવવા માટે સૂચનપેટીની વ્યવસ્થા પણ ઊભી કરવામાં આવી હતી.

# વ્યક્તિનું પોતીકું નામ, પોતાના સંબંધો : ગૌરવ અને ગરિમા




વિખ્યાત અભિનેતા, દિગ્દર્શક અને નિર્માતા ગુરુદતે એક ફિલ્મ નિર્માણનું આયોજન કર્યું. એ ફિલ્મનુ દિગ્દર્શન રાજ ખોસલાને સોંપ્યું. ફિલ્મની મુખ્ય અભિનેત્રી માટે સ્ક્રીનટેસ્ટ લેવાયા. હૈદરાબાદની એક નવોદિત યુવતીને એ મુખ્ય ભૂમિકા માટે પસંદ કરવામાં આવી. પસંદગી થયા પછી યુવતી હૈદરાબાદથી ફિલ્મનો કરાર કરવા માટે મુંબઈ આવી અને ગુરુદત્તની ઓફિસે પહોંચી. એ સમયે દિગ્દર્શક રાજ ખોસલા પણ ત્યાં ઉપસ્થિત હતા. સહી કરવા માટે કરારના કાગળો યુવતી સમક્ષ રજૂ કરવામાં આવ્યા. કરાર ઉપર યુવતી સહી કરે એ પહેલા દિગ્દર્શક રાજ ખોસલાએ યુવતી સમક્ષ એક પ્રસ્તાવ મૂક્યો. યુવતીનું જન્મજાત મૂળ નામ હતું એ નામ બદલીને એક અભિનેત્રીને શોભે આવું નામ રાખવાનો એ પ્રસ્તાવ હતો. જેમ કે અભિનેતા દિલિપ કુમારનું મૂળ નામ યુસુફખન હતું. એવી જ રીતે રવિ કપૂરનું નામ બદલીને ફિલ્મ કારકિર્દી માટેનું નામ જીતેન્દ્ર રાખવામા આવ્યું હતું.

રાજ ખોસલાનો પ્રસ્તાવ સાંભળીને યુવતીને એકદમ ઝટકો લાગ્યો. યુવતી હતપ્રભ થઈ ગઈ. કરારના કાગળો ઉપર સહી કરતી પેન એ જ સમયે અટકી ગઈ. થોડી ક્ષણો પછી યુવતી સ્વસ્થ થઈ અને હિમ્મત કરીને દ્રઢતાપૂર્વક કહ્યું કે પોતે પોતાનું મૂળ નામ બદલવા માટે સહમત નથી અને કોઈપણ સંજોગોમાં પોતે પોતાના મૂળ નામ સાથે જ ફિલ્મોમાં કામ કરવા ઈચ્છે છે. એ સમય એવો હતો કે ફિલ્મ ઉદ્યોગના ધુરંધર ગણાતા એવા રાજ ખોસલા અને ગુરુદત્તની સાથે કામ કરવા માટે નામાંકિત અભિનેત્રીઓ પણ તલસતી. પોતાનો પ્રસ્તાવ એક નવોદિત અભિનેત્રીએ ઠુકરાવ્યો એ જાણીને રાજ ખોસલાને ખૂબ જ ગુસ્સો આવ્યો. યુવતી પોતાની વાત ઉપર અડગ હતી. એ સમયે વાત વધુ બગડે એ પહેલા નિર્માતા ગુરુદત્તે પોતાના હાથમાં બાજી લઈ લીધી અને યુવતીને કહ્યું કે બે-ચાર દિવસની રાહ જુઓ, એટલા સમયમાં પોતે પોતાનો નિર્ણય યુવતીને જણાવી દેશે. યુવતી ગુરુદત્તની ઓફિસેથી નીકળી અને પોતે ઉતરી હતી એ હોટલમાં પરત આવી ગઈ.



ચાર પાંચ દિવસ યુવતીએ ગુરુદત્તના નિર્ણયની રાહ જોઈ પણ કઈ જ ખબર ના આવ્યા એટલે પોતે હૈદરાબાદ પરત ચાલી જવાનું નક્કી કર્યું. યુવતી પરત જવાની તૈયારી કરતી હતી એ જ સમયે ગુરુદત્તનો સંદેશો આવ્યો. યુવતી ગુરુદત્તની ઓફિસે ગઈ. ગુરુદત્તે પોતાનો નિર્ણય જણાવતા કહ્યું કે યુવતી પોતાના મૂળ નામ સાથે જ પોતાની ફિલ્મમાં કામ કરશે. યુવતી રાજી થઈ. ફિલ્મના કરાર થયા. ફિલ્મનુ નિર્માણ થયું. ફિલ્મ સફળ પણ રહી.

ત્યાર પછી એ યુવતીએ ક્યારેય પાછું વળીને જોયું નહીં અને જોતજોતામાં એક સફળ અભિનેત્રી બની ગઈ. ફિલ્મ ઉદ્યોગનું એક અવિભાજ્ય અંગ બની ગઈ. એ યુવતીની એ પહેલી ફિલ્મ હતી સી. આઈ. ડી. એ યુવતી બીજી કોઈ નહીં પણ એક સમયની ખ્યાતનામ અભિનેત્રી વાહિદા રહેમાન.

વ્યક્તિને પોતાનો જન્મ ક્યાં અને ક્યારે લેવો તેના માટેની કોઈ પસંદગી નથી કારણ કે એ વિધાતા કે કુદરતના હાથમાં છે. એવી જ રીતે વ્યક્તિને પોતાનું નામ રાખવાનો પણ હક્ક નથી મળતો કારણ કે વ્યક્તિના જન્મ પછી થોડા જ દિવસોમાં તેના કુટુંબીજનો દ્વારા જ નામ સંસ્કરણ વિધિ કરી ને નામ નક્કી કરવામાં આવે છે. વ્યક્તિનું નામ તેના કુટુંબીજનો દ્વારા ખૂબ જ ચર્ચા-વિચારણા કરીને, ઘણાબધા વિકલ્પોમાથી પસંદ કરીને રાખવામા આવે છે. નામ સાથે વ્યકિતના પોતાના કુળનો, વ્યક્તિના બાપ-દાદાનો, વ્યક્તિ જે સમાજમાથી આવે છે એ સમાજનો, તેના વ્યક્તિત્વનો સંબંધ હોય છે. કુટુંબની કે કુળની પરંપરા, કુળનું ગૌરવ, કુળની રૂઢિ પ્રમાણે વ્યક્તિનું નામ પાડવામાં આવે છે. પોતાના માં-બાપ કુટુંબને ગમતું નામ વ્યક્તિને પોતાને પણ ગમતીલું જ હોય છે.

આપણાં સમાજમાં ઘણાબધા કિસ્સાઓમાં એવું બને છે કે સ્ત્રી સાસરે જાય પછી તેનું નામ બદલી નાખવામાં આવે છે. પોતાનું બદલાયેલું નામ દરેક સ્ત્રીને ગમતું જ હોય એવું નથી છતાં સાસરિયાની પસંદગીને શરણે થવું પડે છે. આવું થયા પછી સ્ત્રીઓ પોતાના બે નામો સાથે જિંદગી આખી જીવે છે. એક પિયરનું નામ અને બીજું સાસરિયાનું નામ. યુવતી બંને નામ વચ્ચે જિંદગી આખી ઝોલાં ખાય છે. બંને નામો સાથે જીવવાની પીડા અનુભવે છે અને બદલાયેલા નામની પીડા સાથે પોતાની આખી જિંદગી કાઢી નાખે છે કારણકે તેની પાસે બીજો કોઈ વિકલ્પ નથી હોતો. સ્ત્રીની એ પીડા અસહ્ય હોય છે જે ના કોઈ ને કહી શકાય અને ના સહી શકાય.

કોઈ પણ વ્યક્તિની ઓળખની શરૂઆત તેના નામથી જ થતી હોય છે. વ્યક્તિનું નામ જ વ્યક્તિની ઓળખ છે. નામ એ વ્યક્તિની પોતાની એક 'બ્રાન્ડ' છે. એક છાપ છે. એક ઈમેજ છે. વ્યક્તિ પોતાના કામથી તો ઓળખાય છે પણ પોતાના નામથી પણ ઓળખાય છે. વ્યક્તિ ભલે પોતાના નામથી ઓળખાતી હોય પણ તેની સાચી ઓળખ તેના કાર્યો અને તેના વ્યક્તિત્વ દ્વારા ઊભી થતી હોય છે. પોતાના નામ થકી વ્યક્તિ નહીં પણ વ્યક્તિ થકી તેના નામની ઓળખ ઊભી થાય છે. વ્યક્તિએ જીવનમાં જે કોઈ સારા કાર્યો કર્યા હોય તેના કામની કદર તો થાય જ છે પણ વ્યક્તિની અંતિમ ઓળખ તો તેના નામથી જ રહી જાય છે. પોતાના નામની સાથે વ્યક્તિ પોતાના કુટુંબ, કૂળ, વતન કે દેશનું નામ પણ ઉજાળતી હોય છે. આવું થાય છે ત્યારે સૌથી વધુ મહત્વ વ્યક્તિના નામનું જ હોય છે.

(ક્રમશઃ)